પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ-૩૮૮૪૫૦.

કમ્પ્યુટર પ્રોગ્રામરની ભરતી માટેની સૂચિત સૂચનાઓ

(૧) નોંધ:

1) અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત કેટેગરીના ધારા-ધોરણો લાગુ પડશે.
2) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટાછાટ મળશે.

(૨) રાષ્ટ્રિયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

(૩) (૧) વય મર્યાદા:

1) ઉંમર જાહેરાતમાં દર્શાવલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
2) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

(૩) (૨) વયમર્યાદામાં છૂટછાટ:

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

કેટેગરી	છૂટછાટ	મહત્તમ વયમર્યાદા
સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને	૫ વર્ષ	-
અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને	૫ વર્ષ	-
અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦)	૧૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને	૧૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ

સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને(૧૦+૫=૧૫)	૧૫ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦)	૨૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
માજી સૈનિકઉમેદવારોને	-	ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટિફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમયાર્દા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/ ૪૬૯૫૪૦/ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્રમાં નિયત થયા મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** અમલી થતા બદલાતા સંજોગોમાં સા.વ.વિ. ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઇ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અિધકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

(૪) કોમ્પ્યુટર ની જાણકારી:

મા. ગુજરાત સરકારશ્રીના સંબંધિત વિભાગોના વખતોવખતના ઠરાવોમાં દર્શાવ્યા મુજબના કોમ્પ્યુટરને લગતા જ્ઞાન અંગેના જે તે પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ અથવા પસંદગી બાદ નિયત સમયગાળામાં જે તે પરીક્ષા નિયત સમયમાં પાસ કરવાની રહેશે.

(૫) શૈક્ષણિક લાયકાત:

ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **M.E./M.Tech.(CS/CE/IT/CS and E)** અથવા **MCA** અથવા **M.Sc. (CS/IT/CA & IT)** અથવા **B.E./B.Tech.(CS/CE/IT/CSE)** અથવા **GSSSB**/સમકક્ષ ઓથોરીટી દ્વારા વખતોવખત જાહેર કરાયેલ લાયકાત ,સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતા હોવો જોઈએ. અથવા **GSSSB**/સમકક્ષ ઓથોરીટી દ્વારા વખતોવખત જાહેર કરાયેલ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

1) **ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.**
2) **ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.**

(૬) પરીક્ષા ફી:

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અનુસાર લેવામાં આવતી આ બંને બિન અનામત જગ્યાની સીધી ભરતીની પરીક્ષા માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

પરીક્ષા ફી નું ધોરણ		
	બિન અનામત વર્ગ	અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સિવર્સમેન ઉમેદવારો)
પ્રાથમિક પરીક્ષા	રૂ. ૫૦૦/-	રૂ. ૪૦૦/-
પરીક્ષામાં ઉપિસ્થત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.		

(૭) પરીક્ષા પદ્ધતિ:

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધિતથી સ્પધાર્ત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જગા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પધ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષિણક લાયકાતને સમકક્ષ રહેશે). પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

Part – A

ક્રમ	વિષય	ગુણ
૧	તાર્કિક કસોટીઓ તથા Data Interpretation	૩૦
૨	ગાણિતિક કસોટીઓ	૩૦
૩	ભારતનું બંધારણ, વતર્માન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન	૩૦
	કુલ ગુણ	**૯૦**

Part – B

ક્રમ	વિષય	ગુણ
૧	સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો	૧૨૦
	કુલ ગુણ	૧૨૦

SYLLABUS LINK

નોંધઃ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષિણક લાયકાત મુજબ રહેશે.

1) Part-A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
2) Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.
3) સ્પધાર્ત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માકર્સ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) મેંળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે સંસ્થા દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.
4) જે તે સંવગર્ની જાહેરાત અન્વયે સંસ્થા ધ્વારા તે સંવગર્ની MCQ પધ્ધિતથી સ્પધાર્ત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.
5) M.C.Q. પધ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માકર્ના 1/4 માર્ક્સ ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.
6) કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૮) સામાન્ય સૂચનાઓઃ-

1) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.
2) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)
3) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ www.petladcollege.org.in ઉપર મુકવામાં આવશે. petladcollege.org.in અચૂક જોતા રહેવું. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે.
4) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે

તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ' કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

5) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.
6) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
7) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
8) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.
9) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.
10) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

પ્રમુખશ્રી,
પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ,
પેટલાદ.

SHRI R. K. PARIKH ART AND SCIENCE COLLEGE, PETLAD

Detailed Syllabus for the post of Computer Programmer

Part A (90 MARKS)

(1) Reasoning & Data Interpretation: (30 Questions, 30 Marks)

1. Problems on Ages
2. Blood relation
3. Arithmetic reasoning
4. Data interpretation (Tables)
5. Data sufficiency

(2) Quantitative Aptitude: (30 Questions, 30 Marks)

1. Number Systems
2. Simplification and Algebra
3. Arithmetic and Geometric Progression
4. Average
5. Percentage
6. Profit-Loss
7. Ratio and Proportion
8. Partnership
9. Time and Work
10. Time, Speed and Distance
11. Work, Wages and chain rule

(3) Constitution of India: (10 Questions, 10 Marks)

1. Preamble of the Constitution
2. Fundamental rights
3. Directive principles of state policy
4. Fundamental Duty
5. Power, role and responsibility of President, vice president and governor
6. Parliamentary system
7. Amendment of Indian constitution, emergency provisions in Indian constitution
8. Centre – State Government and their relation
9. Judicial System of Indian Constitution

10. Constitutional body

(4) Current Affairs: (10 Questions, 10 Marks)

1. Current events of state, national and international importance

(5) Comprehension (Gujarati {5 marks} & English {5 marks}): (10 Questions, 10 Marks)

1. To assess comprehension, interpretation and inference skills

A paragraph given with set of question on the basis of paragraph

Or statement and assertion type question can be asked

SHRI R. K. PARIKH ARTS AND SCIENCE COLLEGE, PETLAD

Detailed Syllabus for the post of Computer Programmer

ભાગ A (90 ગુણ)

(1) રીઝનીંગ અને ડેટા ઈન્ટરપ્રિટેશન (તાર્કિક કસોટી): (30 પ્રશ્નો, 30 ગુણ)

1. ઉંમર સંબંધી સમસ્યાઓ (Problems on Ages)
2. લોહીના સંબંધો (Blood relation)
3. અંકગણિત તર્ક (Arithmetic reasoning)
4. ડેટા ઈન્ટરપ્રિટેશન - કોષ્ટક (Data interpretation - Tables)
5. ડેટા સફિશિયન્સી - માહિતીની પર્યાપ્તતા (Data sufficiency)

(2) ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ (ગણિત): (30 પ્રશ્નો, 30 ગુણ)

1. સંખ્યા પદ્ધતિ (Number Systems)
2. સાદું રૂપ અને બીજગણિત (Simplification and Algebra)
3. સમાંતર અને ગુણોત્તર શ્રેણી (Arithmetic and Geometric Progression)
4. સરેરાશ (Average)
5. ટકાવારી (Percentage)
6. નફો-નુકસાન (Profit-Loss)
7. ગુણોત્તર અને પ્રમાણ (Ratio and Proportion)
8. ભાગીદારી (Partnership)
9. સમય અને કાર્ય (Time and Work)
10. સમય, ઝડપ અને અંતર (Time, Speed and Distance)
11. કાર્ય, વેતન અને ચેઈન રૂલ (Work, Wages and chain rule)

(3) ભારતનું બંધારણ: (10 પ્રશ્નો, 10 ગુણ)

1. બંધારણનું આમુખ (Preamble of the Constitution)

2. મૂળભૂત અધિકારો (Fundamental rights)

3. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (Directive principles of state policy)

4. મૂળભૂત ફરજો (Fundamental Duty)

5. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલની સત્તા, ભૂમિકા અને જવાબદારી

6. સંસદીય પ્રણાલી (Parliamentary system)

7. ભારતીય બંધારણમાં સુધારા અને કટોકટીની જોગવાઈઓ

8. કેન્દ્ર-રાજ્ય સરકાર અને તેમના સંબંધો

9. ભારતીય બંધારણની ન્યાયતંત્ર પ્રણાલી (Judicial System)

10. બંધારણીય સંસ્થાઓ (Constitutional body)

(4) વર્તમાન પ્રવાહો (Current Affairs): (10 પ્રશ્નો, 10 ગુણ)

1. રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની વર્તમાન ઘટનાઓ

(5) કોમ્પ્રિહેન્શન (અર્થગ્રહણ - ગુજરાતી {5 ગુણ} અને અંગ્રેજી {5 ગુણ}): (10 પ્રશ્નો, 10 ગુણ)

1. અર્થગ્રહણ, અર્થઘટન અને અનુમાન કૌશલ્યનું મૂલ્યાંકન કરવા માટે

- આપેલ ફકરાના આધારે પ્રશ્નોના ઉત્તર
- અથવા વિધાન અને કારણ (Statement and Assertion) પ્રકારના પ્રશ્નો પૂછી શકાય છે.

SHRI R. K. PARIKH ARTS AND SCIENCE COLLEGE, PETLAD

Detailed Syllabus for the post of Computer Programmer

PART: B (120 MARKS)

1. Understanding & basis knowledge of Router, Firewall, and switches, Radius server, Link Load Balancer between two leased lines.

2. Basis Knowledge of Wireless LAN like Access Points of Wi-Fi.

3. Basic concept of Operating Systems like windows, Linux. Basis Knowledge of Active Directory and Mail server.

4. Terminology of Backup and Restore of Database (Oracle) and Applications.

5. Basis Understanding of Datacenter Operation. Understanding of Logs of various network devices.

6. Various network technologies.

7. Basic Concept of ORACLE Electronics Business Suit (EBS). Terminology of Backup and Restore of Database and Applications.

8. Data Types and SQL Blocks, Looping Structures, Conditional Statements, Cursors use & utility, Use of Temporary Tables, SQL Statement using Table Keys, SQL Statement using Index keys, SQL Statement with inner join & outer join, SQL Statement with sub-SQL, Exceptions, Exceptions continued, Procedures, Functions, Packages, trigger.

9. Understanding of Application, Security (Privilege) & application access Logs.

10. Concept of Relational Database Management System (RDBMS) – Type of data tables, views, importance of primary key, secondary & foreign key, Concept of indexing.

11. Digital and Office Skills:
Office Automation Tools: Word Processing, Spreadsheets, Presentations.
Use of Internet: Internet usage, email communication and online government services.
Data Handling: Data handling, digital record keeping methods and file management systems.
Office Procedures: Methods of office operations, drafting and responsibilities.

12. Artificial Intelligence (AI) and Technology:
Introduction to AI: Introduction to Artificial Intelligence and automation.
Uses of AI: Applications/uses of AI in government offices and the banking sector.
New Trends: Recent trends in digital technology and financial systems.

13. Financial and Banking Systems:
Indian Banking System: Overview of the Indian financial and banking system.
Digital Banking: Basic concepts of digital banking, cashless transactions, and FinTech.
Financial Terminology: Accounting and financial terminology.

14. Security, Ethics and Governance:
Cyber Security: Cyber security, data privacy and digital ethics.
E-Governance: E-governance initiatives and Digital India program.
Public Service: Public Service Delivery, transparency and RTI (Right to Information) awareness.

SHRI R. K. PARIKH ARTS AND SCIENCE COLLEGE, PETLAD

Detailed Syllabus for the post of Computer Programmer

ભાગ: B (120 ગુણ)

1. રાઉટર, ફાયરવોલ અને સ્વીચ, રેડિયસ સર્વર, બે લીઝ્ડ લાઇન વચ્ચે લિંક લોડ બેલેન્સરની સમજ અને પાયાનું જ્ઞાન.

2. વાયરલેસ લેન (Wireless LAN) નું પાયાનું જ્ઞાન જેમ કે વાઈ-ફાઈ ના એક્સેસ પોઈન્ટ્સ.

3. ઓપરેટિંગ સિસ્ટમ્સ જેવી કે વિન્ડોઝ, લિનક્સનો મૂળભૂત ખ્યાલ. એક્ટિવ ડિરેક્ટરી અને મેઈલ સર્વરનું પાયાનું જ્ઞાન.

4. ડેટાબેઝ (Oracle) અને એપ્લિકેશન્સના બેકઅપ અને રિસ્ટોરની પરિભાષા.

5. ડેટાસેન્ટર કામગીરીની પાયાની સમજ. વિવિધ નેટવર્ક ઉપકરણોના લોગ્સ (Logs) ની સમજ.

6. વિવિધ નેટવર્ક ટેકનોલોજીઓ.

7. ઓરેકલ ઈલેક્ટ્રોનિક બિઝનેસ સ્યુટ (EBS) નો મૂળભૂત ખ્યાલ. ડેટાબેઝ અને એપ્લિકેશનના બેકઅપ અને રિસ્ટોરની પરિભાષા.

8. ડેટા પ્રકારો અને SQL બ્લોક્સ, લૂપિંગ સ્ટ્રક્ચર્સ, કન્ડિશનલ સ્ટેટમેન્ટ્સ, કર્સરનો ઉપયોગ અને ઉપયોગિતા, ટેમ્પરરી ટેબલ્સનો ઉપયોગ, ટેબલ કીઝનો ઉપયોગ કરીને SQL સ્ટેટમેન્ટ, ઇન્ડેક્સ કીઝનો ઉપયોગ કરીને SQL સ્ટેટમેન્ટ, ઇનર જોઈન અને આઉટર જોઈન સાથે SQL સ્ટેટમેન્ટ, સબ-SQL સાથે SQL સ્ટેટમેન્ટ, એક્સેપ્શન, એક્સેપ્શન (ચાલુ) , પ્રોસિજર, ફંક્શન, પેકેજીસ, ટ્રિગર.

9. એપ્લિકેશન, સિક્યુરિટી (વિશેષાધિકાર) અને એપ્લિકેશન એક્સેસ લોગ્સની સમજ.

10. રિલેશનલ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ (RDBMS) નો ખ્યાલ – ડેટા ટેબલ્સના પ્રકારો, વ્યુઝ, પ્રાઈમરી કી, સેકન્ડરી અને ફોરેન કીનું મહત્વ, ઇન્ડેક્સિંગનો ખ્યાલ.

11. ડિજિટલ અને ઓફિસ સ્કીલ્સ:
- ઓફિસ ઓટોમેશન ટૂલ્સ: વર્ડ પ્રોસેસિંગ, સ્પ્રેડશીટ્સ, પ્રેઝન્ટેશન.
- ઇન્ટરનેટનો ઉપયોગ: ઇન્ટરનેટ વપરાશ, ઇમેઇલ સંચાર અને ઓનલાઇન સરકારી સેવાઓ.
- ડેટા હેન્ડલિંગ: ડેટા હેન્ડલિંગ, ડિજિટલ રેકોર્ડ રાખવાની પદ્ધતિઓ અને ફાઇલ મેનેજમેન્ટ સિસ્ટમ.
- ઓફિસ પ્રક્રિયાઓ: ઓફિસ કામગીરીની પદ્ધતિઓ, ડ્રાફ્ટિંગ અને જવાબદારીઓ.

12. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ટેકનોલોજી:
- AI નો પરિચય: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ઓટોમેશનનો પરિચય.

- AI ના ઉપયોગો: સરકારી કચેરીઓ અને બેંકિંગ ક્ષેત્રમાં AI ના ઉપયોગો/એપ્લિકેશન્સ.
- નવા પ્રવાહો: ડિજિટલ ટેકનોલોજી અને નાણાકીય પ્રણાલીઓમાં તાજેતરના પ્રવાહો.

13. નાણાકીય અને બેંકિંગ પ્રણાલી:
- ભારતીય બેંકિંગ સિસ્ટમ: ભારતીય નાણાકીય અને બેંકિંગ પ્રણાલીની ઝાંખી.
- ડિજિટલ બેંકિંગ: ડિજિટલ બેંકિંગના મૂળભૂત ખ્યાલો, કેશલેસ ટ્રાન્ઝેક્શન અને ફિનટેક (FinTech).
- નાણાકીય પરિભાષા: એકાઉન્ટિંગ અને નાણાકીય શબ્દાવલિ.

14. સુરક્ષા, નૈતિકતા અને શાસન:
- સાયબર સુરક્ષા: સાયબર સુરક્ષા, ડેટા પ્રાઇવસી અને ડિજિટલ નૈતિકતા.
- ઈ-ગવર્નન્સ: ઈ-ગવર્નન્સ પહેલ અને ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ.
- જાહેર સેવા: જાહેર સેવા વિતરણ, પારદર્શિતા અને RTI (માહિતી અધિકાર) જાગૃતિ.

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ-૩૮૮૪૫૦.

Instructions: Class 3 Computer Programmer

1. The exam pattern will be as per the letter of the Government of Gujarat, General Administrative Department-wide letter dated 16/12/2025, displayed on the website.
2. Part A—90 questions, 90 marks with MCQs based on the syllabus already displayed on the website.
3. Part B- 120 questions, 120 Marks, with MCQs based on the syllabus already displayed on the website.
4. **Probable Date of Written exam:**
5. Time and venue will be communicated through display on website or email or telephonically
6. Answer Key will be displayed after the Exams get over on the website.
7. Students having doubt with an answer shall make a representation with the documental proof within 24 hours on email.
8. The result will be displayed after the completion of the 24 hours of doubt solving.
9. **The decision of the college authority will be last and the final**.

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ

વર્ગ-3 કમ્પ્યુટર પ્રોગ્રામર: સૂચનાઓ

1. પરીક્ષાની પદ્ધતિ ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગના તારીખ 16/12/2025 ના પત્ર અને મળેલ એન.ઓ.સી.ની સૂચના અનુસાર રહેશે, જે વેબસાઇટ પર દર્શાવવામાં આવેલ છે.
2. ભાગ A — 90 પ્રશ્નો, 90 ગુણ; વેબસાઇટ પર અગાઉથી દર્શાવવામાં આવેલ અને વેબસાઇટ પર દર્શાવવા દ્વારા મોકલાયેલ અભ્યાસક્રમ આધારિત MCQs રહેશે.
3. ભાગ B — 120 પ્રશ્નો, 120 ગુણ; વેબસાઇટ પર અગાઉથી દર્શાવવામાં આવેલ અને તમામ ઉમેદવારોને દર્શાવવામાં આવેલ અભ્યાસક્રમ આધારિત MCQs રહેશે.
4. સદર જગ્યા કોમ્પ્યુટર પ્રોગ્રામરની હોય લેખિત પરીક્ષા પૂરી થયા પછી એક પ્રેક્ટિકલ પરીક્ષા પણ લેવામાં આવશે
5. **પરીક્ષાની સંભવિત તારીખ :**
6. સમય અને સ્થળની માહિતી ઈમેલ દ્વારા જાણ કરવામાં આવશે.
7. પરીક્ષા પૂર્ણ થયા બાદ આન્સર કી વેબસાઇટ પર દર્શાવવામાં આવશે.
8. જે વિદ્યાર્થીઓને કોઈ જવાબ અંગે શંકા હોય તેઓ દસ્તાવેજી પુરાવા સાથે 24 કલાકની અંદર ઈમેલ દ્વારા રજૂઆત કરી શકશે.
9. શંકા નિવારણ માટેના 24 કલાક પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવશે.
10. **કોલેજ સત્તાધીશનો નિર્ણય અંતિમ અને તમામ ને બંધનકર્તા રહેશે.**